## પગારબિલ આચાર્યની સહીથી મોકલવા અંગે

ઉ.શિ.ક., ક્રમાંક : અનદ/1/ધ/પગાર/ગ્રાંટ/23995-24015,
ડૉ. જી. મ. ભવન, બ્લોક નં.12, ગાંધીનગર, તા. 11-10-'95

પ્રતિ,

જિલ્લાશિક્ષણાધિકારીશ્રી (તમામ)

**વિષય :** સીધી પગારયોજના હેઠળ મા./ઉ.મા શાળાના કર્મચારીનાં પગારબિલ આચાર્યની સહીથી કરવા અંગે

ઉપર્યુક્ત વિષય પરત્વે જણાવવાનું કે બિનસરકારી મા./ઉ.મા. શાળાઓના શાળાસંચાલક અને આચાર્ય વચ્ચે તકરાર/વિવાદ જેવી પરિસ્થિતિ ઉદ્ભવે ત્યારે શાળાસંચાલકમંડળ દ્વારા શાળાના કર્મચારીઓનાં પગારબિલમાં સહી કરવામાં આવતી નથી અને આવાં કારણોસર કર્મચારીઓનાં પગારબિલો અટકે છે. આવી ઘણી ફરિયાદો અત્રે મળતી હોય છે. આવી પરિસ્થિતિમાં ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના ઠરાવક્રમાંક : મશબ/1088-2958/છ, તા. 20-5-'92 થી વિનિયમ 27 માં નવો ઉમેરો કરેલ વિનિયમ તરીકે 27 (9) હેઠળના પરિશિષ્ટમાં-2 માં આચાર્યની નાણાકીય બાબતોમાં ફરજો (વિનિયમ તરીકે)ના કૉલમ (6) ની કરાયેલ જોગવાઈ મુજબ શાળાનું પગારબિલ આચાર્યની સહીથી રજૂ કરવામાં આવે તો ચકાસણી કરીને પાસ કરવું. ઉપરના ઠરાવની જોગવાઈ વિનિયમ તરીકે થયેલ હોઈને બિલ બનાવીને સમયસર જિલ્લાશિક્ષણઅધિકારીકચેરીમાં મોકલવાની જવાબદારી આચાર્યની છે. આ સંજોગોમાં આચાર્યની સહીથી આવેલાં પગારબિલો કાયદેસરનાં ગણાય. આવાં બિલો સમયસર મંજૂર થાય તેની તકેદારી રાખવા આથી જણાવવામાં આવે છે.

સહી, વરેશ સિંહા
ઉચ્ચ શિક્ષણ કમિશનર